## આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર અંતર્ગત પ્રગતિશીલ ખેડૂત મહિલા ધ્વારા ત્રિભુવનદાસ ફાઉન્ડેશન તેમજ આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયના પ્રેરણા પ્રવાસ અંગેનો અહેવાલ

આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર ધ્વારા ચાલતી આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત તા. ૨૦/૧૦/૨૦૨૦ના રોજ દાહોદ જીલ્લાના લીમખેડા, સીંગવડ, દેવગઢ બારીઆ તાલુકાની પાંચ પ્રગતિશીલ ખેડૂત મહિલા(શ્રીમતિ સુરતાબેન બામણિયા, લક્ષ્મીબેન બારીઆ, રેશમાબેન પટેલ, લતાબેન ચૌહાણ અને સંગીતાબેન બારીઆ) તેમજ અત્રેની કચેરીના રીસર્ચ એસોસીએટ ડૉ. એકતા એચ.પંડયા(હોમ સાયન્સ) અને રીસર્ચ એસોસીએટ ડૉ. હર્ષ કે. દેસાઈ (વિસ્તરણ) બે અધિકારીના સહયોગથી વ્યવસાયલક્ષી વ્યવસ્થાપન અતંર્ગત ત્રિભુવનદાસ ફાઉન્ડેશન, આણંદ અને આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયની મુલાકાત લેવામાં આવેલ હતી.

ત્રિભુવનદાસ ફાઉન્ડેશનના અધિકારીશ્રી દિનેશભાઈ મીર ધ્વારા સંસ્થાની સ્થાપના, હેતુ, વિવિધ યોજનાઓ તેમજ ચાલતા વિવિધ વિભાગોની માહિતીથી મુલાકાતીઓને વાકેફ કરેલ, ત્યારબાદ સંસ્થાના વિવિધ વિભાગો જેવા કે, આરોગ્ય કેન્દ્ર, ચાઈલ્ડ લાઈન વિભાગ તેમજ હસ્તકલા વિભાગની મુલાકાત ધ્વારા વિવિધ કામગીરીની માહિતીથી માહિતગાર કરવામાં આવેલ, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયમાં વિસ્તરણ શિક્ષણ નિયામકની આકૃયુ,આણંદની કચેરી હસ્તક આવેલ કૃષિ સંગ્રહાલયની મુલાકાત દરમ્યાન કૃષિ અને પશુપાલનને લગતી વિવિધ નવીન તકનીકોથી પ્રગતિશીલ બહેનોને માહિતગાર કરવામાં આવેલ.









